**ભારતીય જનતા પાર્ટી**
**ગુજરાત પ્રદેશ**
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા.૦૪.૦૪.૨૦૧૮

---------------

**શ્રીમતી મેધા પાટકરે હંમેશા ગુજરાતના વિકાસ અને ખેડૂતો વિરોધી કૃત્યો કર્યા છે. ગુજરાતે વર્ષોથી મેધા પાટકર સામે લડાઇ લડી છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

---------------

**નર્મદા માટે ગુજરાતે સુપ્રિમ કોર્ટ સુધી લડવાનું થયુ હોય તો તે માત્રને માત્ર મેધા પાટકરના પાપે જ થયુ છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

---------------

**સમગ્ર કોંગ્રેસ તેમજ વિપક્ષના નેતા ગુજરાતના નવનિયુક્ત પ્રભારીને વ્હાલા થવા માટે આવી હલકી કક્ષાના નિવેદનો કરીને કોંગ્રેસે પોતાનું પોત પ્રકાશ્યુ છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

---------------

**વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી મુખ્યમંત્રી તરીકે અને હવે વડાપ્રધાન તરીકે નર્મદા માટે ખૂબ મોટી લડાઇ લડ્યા છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

---------------

**ભાજપાને નર્મદા યોજનાનો જશ ન મળે તે માટે ગુજરાતની જમીન અને જનતાને તરસ્યા રાખવાનું મહાપાપ કોંગ્રેસે કર્યુ છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

---------------

**કોંગ્રેસ હવે ગુજરાતની જનતાની લાગણીઓ, ગુજરાતના વિકાસ અને નર્મદાની આડે ન આવે, કોંગ્રેસ ષડયંત્રો રચવાનું બંધ કરે - શ્રી જીતુભાઇ વાઘાણી**

---------------

**ગુજરાત વિરોધી અને નર્મદા વિરોધી મેધા પાટકર ગુજરાતમાં ઘુસવાનો પ્રયાસ કરે અને ગુજરાતમાં તોફાનો થાય, શાંતિ ડહોળાય, ગુજરાતનો વિકાસ રૂંધાય તેવા પ્રયાસો કરનારનો કોંગ્રેસ આભાર માને તે ખૂબ જ દુ:ખદ બાબત છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

---------------

પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યુ હતુ કે, શ્રીમતી મેધા પાટકરે હંમેશા ગુજરાતના વિકાસ અને ખેડૂતો વિરોધી કૃત્યો કર્યા છે. ગુજરાતે વર્ષોથી મેધા પાટકર સામે લડાઇ લડી છે. નર્મદા માટે ગુજરાતે સુપ્રિમ કોર્ટ સુધી લડવાનું થયુ હોય તો તે માત્રને માત્ર મેધા પાટકરના પાપે જ થયુ છે. સમગ્ર કોંગ્રેસ તેમજ વિપક્ષના નેતા ગુજરાતના નવનિયુક્ત પ્રભારીને વ્હાલા થવા માટે આવી હલકી કક્ષાના નિવેદનો કરીને કોંગ્રેસે પોતાનું પોત પ્રકાશ્યુ છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી મુખ્યમંત્રી તરીકે અને હવે વડાપ્રધાન તરીકે નર્મદા માટે ખૂબ મોટી લડાઇ લડ્યા છે, ખૂબ સંઘર્ષો કર્યા છે. ગુજરાત રાજ્યની જીવાદોરી સમાન નર્મદા યોજના પૂર્ણ થાય તે માટે ઉપવાસ પર ઉતર્યા હતા, આંદોલનો કર્યા હતા, સાધુસંતો-સામાજીક સંસ્થાઓ તેમજ ગુજરાતની જનતાને સાથે રાખી નર્મદા યોજનાને ઝડપથી પૂરી કરવાના પ્રયાસો શ્રી નરેન્દ્રભાઇએ કર્યા તે ગુજરાત અને દેશની જનતા જાણે છે. દેશના વડાપ્રધાન બનતા જ માત્ર ૧૭મા દિવસે શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દરવાજા મુકવાની મંજુરી આપી દીધી હતી. કોંગ્રેસે સાત-સાત વર્ષ સુધી મંજુરી આપી નહોતી. માત્રને માત્ર ભાજપાને નર્મદા યોજનાનો જશ ન મળે તે માટે ગુજરાતની જમીન અને જનતાને તરસ્યા રાખવાનું મહાપાપ કોંગ્રેસે કર્યુ છે.

શ્રી વાઘાણીએ કોંગ્રેસને આડેહાથ લેતા જણાવ્યુ હતુ કે, કોંગ્રેસ હવે ગુજરાતની જનતાની લાગણીઓ, ગુજરાતના વિકાસ અને નર્મદાની આડે ન આવે, કોંગ્રેસ ષડયંત્રો રચવાનું બંધ કરે, દેશની સંસદમાં કોંગ્રેસના નેતાઓ હજુ પણ નર્મદા યોજનાને ખોરંભે ચડાવવાના કાવતરા કરે છે તેને બંધ કરે. નર્મદા બંધના દરવાજા જ્યારે બંધ થવાના હતા તેના બે દિવસ અગાઉ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અર્જુન મોઢવાડીયા ચોરીછુપે નર્મદાના વિસ્થાપિતોને મળવા જાય અને તેના બે દિવસ પછી ગુજરાત વિરોધી અને નર્મદા વિરોધી મેધા પાટકર ગુજરાતમાં ઘુસવાનો પ્રયાસ કરે અને ગુજરાતમાં તોફાનો થાય, શાંતિ ડહોળાય, ગુજરાતનો વિકાસ રૂંધાય તેવા પ્રયાસો કરનારનો કોંગ્રેસ આભાર માને તે ખૂબ જ દુઃખદ બાબત છે.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે, કોંગ્રેસ ગુજરાતની જનતાને છેતરવા નીકળી છે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે ગુજરાતના પાડોશી રાજ્યો સાથે સંકલનનું કામ કર્યુ અને રાજ્યની સરકારે બંધના દરવાજા લગાવીને બંધ કરવાનું કામ કર્યું. તેનો યશ ભાજપાને ન મળે તે માટે કોંગ્રેસ મેધા પાટકર અને રાજીવ સાતવ માટે અભિનંદનના નિવેદનો કરે તે ગુજરાતની જનતા ક્યારેય સાંખી નહી લે અને ૨૦૧૯માં ગુજરાતની જનતા કોંગ્રેસને ચોક્કસથી જવાબ આપશે તેવો આત્મવિશ્વાસ શ્રી વાઘાણીએ વ્યક્ત કર્યો હતો અને કોંગ્રેસને ચીમકી આપી હતી કે નર્મદાના વિરોધમાં હવે એકપણ ડગલું કોંગ્રેસ આગળ વધશે તો અમારે આંદોલનો કરવા પડશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર - મીડિયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા.૦૪.૦૪.૨૦૧૮

**<u>હે, ભગવાન કોંગ્રેસને સદ્‌બુદ્ધિ આપો,</u>**

**કોંગ્રેસના નવનિયુક્ત પ્રભારીશ્રી નર્મદા વિરોધી મેધા પાટકરને પૂર્ણ સમર્થન આપે છે અને કોંગ્રેસ વિપક્ષ નેતા તેનો આભાર માને છે – શ્રી ભરત પંડ્યા**

**---------------**

**કોંગ્રેસે નર્મદા વિરોધી મેધા પાટકરને નર્મદાના વિરોધ બદલ સમર્થન અને અભિનંદન આપીને કોંગ્રેસે નર્મદા અને ગુજરાત વિરોધી માનસિકતા છતી કરી છે**

**------------**

**કોંગ્રેસના નવનિયુક્ત પ્રભારીશ્રી રાજીવ સાતવએ પોતાની નર્મદા વિરોધી ટ્વીટ ડીલીટ કરવાથીતેમની નર્મદા વિરોધી અને ગુજરાત વિરોધી માનસિકતા ડીલીટ થતી નથી.- શ્રી ભરત પંડ્યા**

**------------**

**કોંગ્રેસનું ડીએનએ હંમેશા "એન્ટી નર્મદા" અને "એન્ટી ગુજરાત" રહ્યુ છે - શ્રી ભરત પંડ્યા**

**------------**

**કોંગ્રેસના વાણી, વર્તન અને વ્યવહાર હંમેશા નર્મદા અને ગુજરાત વિરોધી રહ્યાં છે.**

**------------**

**ગુજરાતનું નેતૃત્વ કોંગ્રેસ સ્વીકારતી નથી અને ગુજરાત વિરોધી લોકોને ગુજરાતનું નેતૃત્વ સોંપી દે છે - શ્રી ભરત પંડ્યા**

**------------**

**કોંગ્રેસ ગુજરાતના વ્યક્તિત્વ, કર્તૃત્વ અને નેતૃત્વની હંમેશાથી ઈર્ષ્યા કરે છે, સરદાર પટેલ હોય કે શ્રી મોરારજીભાઇ દેસાઇ હોય અને અત્યારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી હોય, કોંગ્રેસ હંમેશા ઈર્ષ્યા જ કરતી આવી છે - શ્રી ભરત પંડ્યા**

**------------**

પ્રદેશ પ્રવક્તાશ્રી ભરત પંડયાએ જણાવ્યુ હતુ કે, કોંગ્રેસે આજે ફરી એકવાર નર્મદા વિરોધી મેધા પાટકરના નર્મદાના વિરોધ બદલ અભિનંદન આપીને પોતાની નર્મદા વિરોધી માનસિકતા છતી કરી છે. **નર્મદા અને ગુજરાતનો વિરોધ કરનાર લોકોને જ કોંગ્રેસ ગુજરાતના પ્રભારી કેમ બનાવે છે ?**આ પહેલા પણ કોંગ્રેસના પ્રભારીશ્રી અશોક ગેહલોતે ઉત્તર ગુજરાતની સુકીભઠ્ઠ જમીન માટેની પાણીની સુજલામ-સુફલામ યોજનાને અટકાવવા કોંગ્રેસની કેન્દ્ર સરકાર સમક્ષ રજુઆત કરી હતી અને હવે નવનિયુક્ત પ્રદેશ પ્રભારી રાજીવ સાતવે પણ મેધા પાટકરને પૂર્ણ સમર્થન આપતા પત્ર દ્વારા ટ્વીટ કર્યુ હતું તે બહાર આવતાં શ્રી સાતવે નિમણુંકના ત્રણ દિવસમાં જ પોતાના ટ્વીટર હેન્ડલમાંથી નર્મદા વિરોધી ટ્વીટ દૂર કરવાની ફરજ પડી હતી. કોંગ્રેસના નવનિયુક્ત પ્રભારી રાજીવ સાતવજીએ પોતાની નર્મદા વિરોધી ટ્વીટ ડીલીટ કરી છે પણ તેનાથી નર્મદા વિરોધી અને ગુજરાત વિરોધી માનસિકતા ડીલીટ નથી થતી તેમશ્રી પંડયાએ જણાવ્યું હતુ.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી પંડ્યાએ વધુમાં જણાવ્યુ હતુ કે, **કોંગ્રેસનું ડીએનએ હંમેશા "એન્ટી નર્મદા" અને "એન્ટી ગુજરાત" રહ્યુ છે. કોંગ્રેસના વાણી, વર્તન અને વ્યવહાર હંમેશા નર્મદા અને ગુજરાત વિરોધી રહ્યાં છે.**યુપીએની કેન્દ્ર સરકારના જળ સંશાધન મંત્રીશ્રી સેફુદિન સોજે નર્મદા બંધની ઉંચાઇ વધારવાના વિરોધમાં એફીડેવીટ કર્યા હતા ત્યારે, તેના વિરોધમાં તે સમયે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ઉપવાસ પર ઉતરવુ પડ્યું હતુ તે બાબત ગુજરાતની પ્રજા ભુલી નથી. યુપીએના ૧૦ વર્ષના શાસનમાં અનેક વખત રજુઆતો બાદ પણ નર્મદા ડેમનાં દરવાજા મુકવાની મંજુરી કોંગ્રેસે અટકાવી રાખી હતી અને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રધાનમંત્રી બન્યાં પછી 17માં દિવસે નર્મદા ડેમના દરવાજાની મંજુરી આપી હતી. તે ગુજરાતની પ્રજા સુપેરે જાણે છે. નર્મદાના લોકાર્પણ વખતે ગુજરાતની જનતા આનંદમાં હતી ત્યારે કોંગ્રેસ મરસીયા ગાતી હોય તેમ શોકમાં ડુબી ગઇ હતી તે ગુજરાતની પ્રજાએ અનુભવ્યું છે. કોંગ્રેસના લોકસભાના સાંસદ શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયાજીએ અને રાજ્યસભાના સાંસદ શ્રી દિગ્વિજયસિંહે હજુ પણ સંસદમાં વિરોધ ચાલુ જ રાખ્યો છે તે ગુજરાતની પ્રજા ભુલી શકી નથી.

શ્રી પંડ્યાએ વધુમાં જણાવ્યુ હતુ કે,કોંગ્રેસે ગુજરાતના નેતૃત્વનો કયારે સ્વીકાર કર્યો નથી અને ગુજરાત વિરોધી લોકોને કોંગ્રેસે ગુજરાતનાં પ્રભારી બનાવ્યાં છે. તે ખુબજ આઘાતજનક અને દુઃખદ બાબત છે. કોંગ્રેસ હંમેશા ગુજરાતના વ્યક્તિત્વ, કર્તૃત્વ અને નેતૃત્વની ઈર્ષ્યા કરે છે, સરદાર પટેલ હોય કે શ્રી મોરારજીભાઇ દેસાઇ હોય અને અત્યારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી હોય, કોંગ્રેસ હંમેશા ઈર્ષ્યા કરતી આવી છે

શ્રી પંડ્યાએ જણાવ્યું હતું કે, નર્મદાએ ગુજરાતની ભાગ્યવિધાતા છે, ગુજરાતની સમૃદ્ધિની હસ્તરેખા છે. ગુજરાતની જનતાના વર્ષો સુધીના સંઘર્ષ, તપશ્ચર્યા, પરિશ્રમનું પરીણામ છે તેથી નર્મદા વિરોધી લોકોને ગુજરાતની જનતા કયારેય સાંખી લેશે નહીં. કોંગ્રેસના પ્રભારી અને વિપક્ષના નેતાનાં નર્મદા વિરોધીઓને સમર્થન અને અભિનંદન આપતાં નિવેદનોને ભાજપ સખ્ત શબ્દોમાં વખોડી કાઢે છે. ભૂતકાળમાં જે રીતે ગુજરાતની પ્રજાએ કોંગ્રેસને પોતાનું સ્થાન બતાવ્યુ છે તેવી જ રીતે કોંગ્રેસને ગુજરાતમાંથી નામશેષ કરીને જ જંપશે. તેવો વિશ્વાસ શ્રી પંડ્યાએ વ્યકત કર્યો હતો.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર - મીડિયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા.૦૪.૦૪.૨૦૧૮

----------------

## ૬ એપ્રિલના રોજ ભાજપાના ૩૯માં સ્થાપના દિવસે "ભાજપા બુથ યાત્રા"

----------------

## સમગ્ર રાજ્યના ૫૦,૦૦૦ જેટલા બુથ પર ભાજપાનો ઈતિહાસ અને ભાજપાની વિચાર તેમજ વિકાસયાત્રાની પત્રિકાઓ વહેંચવામાં આવશે

----------------

પ્રદેશ પ્રવક્તાશ્રી ભરત પંડ્યાએ જણાવ્યુ હતુ કે, ભાજપાના ૩૯માં સ્થાપના દિવસે એટલે કે છઠ્ઠી એપ્રિલના રોજ ભાજપા દ્વારા બુથ યાત્રા યોજાશે. સમગ્ર રાજ્યના ૫૦,૦૦૦ જેટલા બુથ પર ભાજપાનો ઈતિહાસ અને ભાજપાની વિચાર તેમજ વિકાસયાત્રાની પત્રિકાઓ વહેંચવામાં આવશે.

શ્રી પંડયાએ વધુમાં જણાવ્યુ હતુ કે, પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણી છઠ્ઠી એપ્રિલના રોજ સવારે ગોધરા ખાતે તેમજ સાંજે વડોદરા ખાતે ભાજપા બુથ યાત્રામાં જોડાશે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી ગોધરા અને અમદાવાદ ખાતે, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ ખેડા ખાતે, પ્રદેશ સહસંગઠન મંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયા ગાંધીનગર ખાતે, શ્રી ગોરધનભાઇ ઝડફીયા જુનાગઢ ખાતે, શ્રી પ્રદેશ મહામંત્રીશ્રી ભરતસિંહ પરમાર સુરત ખાતે, પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઇ પંડ્યા રાજકોટ ખાતે તેમજ રાજ્યના મંત્રીશ્રીઓ વિવિધ સ્થળોએ ભાજપા બુથ યાત્રામાં જોડાશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર - મીડિયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૪ તા.૦૪.૦૪.૨૦૧૮

----------------

ભાજપા ગુજરાત પ્રદેશ મીડિયા સેલની એક અખબારી યાદી જણાવે છે કે, ભાજપાનું કેન્દ્રીય કાર્યાલય પહેલા ૧૧, અશોકા રોડ, નવી દિલ્હી ખાતે હતું.

અત્યારે ભાજપાનું અત્યાધુનિક ટેકનોલોજીથી સુસજ્જ કેન્દ્રીય કાર્યાલયઃ **૬-એ, દીનદયાળ ઉપાધ્યાય માર્ગ, નવી દિલ્હી** ખાતે કાર્યરત થયેલ છે.

કાર્યાલયના ફોન નંબરઃ **૦૧૧-૨૩૫-૦૦૦૦૦** અને ફેક્સ નંબરઃ **૦૧૧-૨૩૫-૦૦૧૯૦** છે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર - મીડિયા વિભાગ